सत्यमेव जयते

| GJGS020020872019 | દાખલ તારીખ | ૧૧/૧૦/૨૦૧૯ | | |
|---|---|---|---|---|
| | નોંધ્યા તારીખ | ૧૧/૧૦/૨૦૧૯ | | |
| | નિર્ણય તારીખ | ૧૬/૦૭/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૬ | ૦૯ | ૦૫ |

**વેરાવળના મે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ(શ્રી એ. વી. ચૌધરી) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. વેરાવળ**

**<u>ફોજદારી કેસ નં. ૧૧૨૩/૨૦૧૯</u>**
**<u>આંક:-</u>**

| | | |
|---|---|---|
| **<u>ફરિયાદી</u>** | **:-** | શ્રી સરકાર<br>**(પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. થર્ડ ૫૬/૨૦૧૯)** |
| | **<u>-:: વિરૂધ્ધ ::-</u>** | |
| **<u>આરોપી</u>** | **:-** | **(૧) રમેશભાઇ રૂડાભાઇ સોલંકી,**<br>ઉ. વ. ૨૧, ધંધો : મજુરી,<br>રહે. ગોરખમઢી, તા. સુત્રાપાડા,<br>જી. ગીર-સોમનાથ. |
| | | **(૨) ગની ઉર્ફે વજુભાઇ બીલા ઉર્ફે ભગવાનભાઇ ખુંટડ,**<br>ઉ. વ. ૨૬, ધંધો : મજુરી,<br>રહે. ગોરખમઢી, તા. સુત્રાપાડા,<br>જી. ગીર-સોમનાથ. |
| **તહોમત** | **:-** | **પ્રોહી. એકટની કલમ-૬૫ઇ, ૯૮(૨), ૯૯, ૮૧ મુજબ.** |

ફરિયાદ પક્ષે :- વિ.એ.પી.પી.શ્રી જે. એસ. પરમાર
આરોપીઓ તરફે :- વિ.વ.શ્રી બી. પી. ડાભી.

## -// ઠરાવ //-

**ફરિયાદની વિગત :-**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામ આરોપીએ ગઇ તા. ૨૬/૦૪/૨૦૧૮ ના કલાક-૨૦:૩૦ વાગ્યે પોતાના કબજા હવાલાવાળી બજાજ કંપનીની ડીસ્કવરી મો. સા. નં. GJ-11-AC-5847 કિં. રૂા. ૨૦,૦૦૦/- ગે. કા. વગર પાસ પરમીટે ગુણીયાના બાચકા નંગ-૦૨ માં દેશી પીવાના દારૂના પાંચ-પાંચ લીટરના બુગીયા નંગ-૨૦ દારૂ લીટર-૧૦૦ ગણી બાચકા સહિત કિં. રૂા.૨૦૦૦/- ગણી મો. સા. સહિત કુલ કિં. રૂા. ૨૨,૦૦૦/- નો મુદ્દામાલ રાખી મળી આવી ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે.

**પોલીસ તપાસ અને ચાર્જશીટ :-**

(૨) ઉપર મુજબની વિગતે ફરિયાદીએ ફરિયાદ આપતા તે ફરિયાદ અન્વયે પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. થર્ડ ૫૬/૨૦૧૯ થી પ્રોહી. એકટની કલમ-૬૫ઇ, ૯૮(૨), ૯૯, ૮૧ મુજબનો ગુનો નોંધવામાં આવેલ.ત્યારબાદ સુચિપત્ર તૈયાર કરી તેની તપાસ, તપાસ કરનાર અમલદારશ્રીને સોંપતા પોલીસ તપાસ અંગેની કાર્યવાહી ચાલુ થયેલી હતી. જે અન્વયે તપાસને આનુસંગિક જરૂરી બધી જ કાર્યવાહી કરવામાં આવેલી હતી. ત્યારબાદ તપાસ કરનાર અમલદારશ્રીને આ કેસના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો હોવાનું જણાય આવતા તપાસ કરનાર અમલદારશ્રી તરફથી તપાસના અંતે ક્રિ. પ્રો. કોડ-૧૯૭૩ ની કલમ-૧૭૩ હેઠળ ચાર્જશીટ કરી અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.શ્રી, વેરાવળ સમક્ષ રજૂ કરતાં જે ચાર્જશીટ ફોજદારી કેસ નં.૧૧૨૩/૨૦૧૯ થી રજીસ્ટરે લઇ અત્રેની અદાલતમાં તબદીલ કરવામાં આવતા આરોપીઓ વિરૂધ્ધ આ કેસની ન્યાયિક કાર્યવાહી અત્રેની અદાલતથી ચલાવવા માં આવેલ છે.

**<u>કેસની કોર્ટ સમક્ષની કાર્યવાહી :–</u>**

(૩) આ કામના આરોપીઓ સામે કેસ રજીસ્ટરે લીધા બાદ સદરહુ કામે આરોપીઓને સમન્સ કરવામાં આવતા આરોપીઓ કોર્ટમાં હાજર રહેતા તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત ગુના સંબંધે આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૭ થી તહોતનામું ફરમાવી, વાંચી, સંભળાવી, આંક–૦૮ તથા આંક–૦૯ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં તેમાં તેમણે ગુનો કર્યાનો ઈન્કાર કરતા આરોપીઓ વિરૂધ્ધ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવા :–</u>**

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે ટ્રાયલ દરમ્યાન નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નોંધવામાં આવેલ છે.

**<u>(અ) મૌખિક પુરાવા :–</u>**

| અ. નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૨૪ | સાહેદ–રાહુલભાઇ ધીરૂભાઇ વાઢેરની જુબાની |
| ૨. | ૨૫ | ફરિયાદી–રજનીભાઇ દેદાભાઇ મોરીની જુબાની |
| ૩. | ૩૬ | પંચ સાહેદ–અરવિંદભાઇ બાલુભાઇ બામણીયાની જુબાની |
| ૪. | ૩૭ | પંચ સાહેદ–જીસાનભાઇ મહમદભાઇ પટણીની જુબાની |
| ૫. | ૪૬ | સાહેદ–ત.ક.અ. પ્રકાશભાઇ ગોવિંદભાઇ વાળાની જુબાની |

**<u>(બ) દસ્તાવેજી પુરાવા :–</u>**

| અ. નં. | આંક | દસ્તાવેજનું નામ |
|---|---|---|
| ૧ | ૨૬ | અસલ ફરિયાદ |

| | | |
|---|---|---|
| ૨ | ૩૬ (એ) | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ |
| ૩ | ૪૭ | તપાસનો હુકમ અસલ |
| ૪ | ૪૮ | અસલ રવાનગીપત્ર |
| ૫ | ૪૯ | મુદ્દામાલ એફએસ અધિકારીને મળ્યાની પહોંચ અસલ |
| ૬ | ૫૦ | એસએસએલ રીપોર્ટ |

ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયેલાનું મૌખિક જાહેર કરેલ છે.

(૫) ઉપર મુજબના લેખિત તથા મૌખિક પુરાવા રજૂ થયા બાદ આરોપીઓ તેમની સામેના આક્ષેપો સંબંધે તેમના વિરૂધ્ધ જણાતી બાબતો અંગે ખુલાસો કરી શકે તે માટે જરૂરી જણાય તેવા સવાલો પુછવા આવશ્યક હોય, આરોપીઓને તેમના બચાવનો પુરાવો રજૂ કરતાં પહેલા પ્રશ્નો પુછવા જરૂરી હોય તેથી ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનો વિશેષ જવાબ તેમની પ્લી લગત નોંધેલ છે જેમાં આરોપીઓએ ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી ફરિયાદ પક્ષના કેસની હકીકતોનો મહંદઅંશે ઈન્કાર કરેલ છે અને તેઓ પોતે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું અને પોતે બચાવમાં સાક્ષી તપાસવા માંગતા ન હોવાનું જણાવી અને વિશેષમાં જણાવેલ છે કે, ‘‘ અમોએ ઉપર મુજબનો કોઈ ગુનો કરેલ ન હોય અમો બાળ બચ્ચાવાળા માણસ હોય અમોને નિર્દોષ છોડી મુકવા અરજ છે. ’’

(૬) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે. એસ. પરમારની મૌખિક દલીલો સાંભળી. તેમજ આરોપીઓ તરફે વિ.વ.શ્રી બી. પી. ડાભીની મૌખિક દલીલો સાંભળી.

(૭) આ કેસના સંજોગો તથા ઉપર મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ તેમજ બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં આ કેસનો નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામ આરોપીએ ગઈ તા. ૨૬/૦૪/૨૦૧૮ ના કલાક–૨૦:૩૦ વાગ્યે પોતાના કબજા હવાલાવાળી બજાજ કંપનીની ડીસ્કવરી મો.સા.નં.GJ-11-AC-5847 કિં.રૂા.૨૦,૦૦૦/– ગે. કા. વગર પાસ પરમીટે ગુણીયાના બાચકા નંગ–૦૨ માં દેશી પીવાના દારૂના પાંચ–પાંચ લીટરના બુગીયા નંગ–૨૦ દારૂ લીટર–૧૦૦ ગણી બાચકા સહિત કિં. રૂા. ૨,૦૦૦/– ગણી મો.સા. સહિત કુલ કિં.રૂા.૨૨,૦૦૦/– નો મુદ્દામાલ રાખી મળી આવી પ્રોહી. એકટની કલમ–૬૫એ, ૯૮(૨), ૯૯, ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) ‘‘ નકારમાં ’’
(૨) આખરી હુકમ મુજબ.

<u>**પુરાવાના મુલ્યાંકનના સર્વ સામાન્ય સિધ્ધાંત :–**</u>

(૯) ફરિયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુન્હો જયાંસુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાંસુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે. સાથે સાથે એક એવું પણ અનુમાન છે કે, જે સાહેદ વિટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરૂ સોગંદ

ઉપરનો પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઈ ચોકકસ માર્ગદર્શિકા નથી, પરંતુ દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજૂ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે.

**મુદ્દા નં. ૧ ના નિર્ણય માટેના કારણો :–**

**(૧૦)** આ કામે ફરિયાદ પક્ષે આક્ષેપિત કેસ મુજબના ગુન્હાના આવશ્યક તત્વો તથા કાયદાકીય જોગવાઈઓ લક્ષમાં રાખી આરોપીઓ સામે ફરમાવેલ તહોમતનામા મુજબનો ગુન્હો ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તેના નિર્ણય સારૂ ફરિયાદ પક્ષે રજૂ થયેલ સમગ્ર પુરાવો નોંધી તેનું તબકકાવાર મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

**ફરિયાદીનો પુરાવો :–**

**(૧૧)** આ કામે ફરિયાદ પક્ષ તરફે ફરિયાદી–રજનીભાઈ દેદાભાઈ મોરીને આંક–૨૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર ફરિયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા. ૦૨/ ૦૫/૨૦૧૯ ના રોજ તેઓ તથા પ્રવિણભાઈ કરશનભાઈ, રાહુલભાઈ ધીરૂભાઈ વગેરે પોલીસ સ્ટાફ તથા પી. જી. વાળા સાથે પ્ર. પાટણ બી બીટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે આજોઠા ગામ માં ભુતડા દાદાના સ્થાનક પાસે પહોંચતા ગોરખમઢી ગામ પાસેથી એક મો.સા. ડબલ સવારીમાં વચ્ચે ગુણીયાના બાચકા રાખી આવતી હોઈ જેને શંકાના આધારે રોકાવતા બાચકામાં દેશી દારૂના બુગીયા જોવા મળતા તરત જ બે પંચોને બોલાવી હકીકતની સમજ કરી પંચો રૂબરૂ નામ પુછતા (૧) રમેશભાઈ રૂડાભાઈ સોલંકી રહે ગોરખમઢી તા. સુત્રાપાડા તથા (૨) ગની ઉર્ફે વજુ ઉર્ફે બિલ્લા ભગવાનભાઈ ખુંટડ, રહે. ગોરખમઢી, તા. સુત્રાપાડા અને તેમની મો.સા. નં. જીજે –૧૧–એસી–૫૮૪૭ માં રાખેલ કોથળામાં ખોલી જોતા પાંચ પાંચ

લીટરના એક સરખુ પ્રવાહી ભરેલા ૨૦ બુંગીયા જોવા મળી આવેલ જેમાંથી એક ખોલીને સુંઘી સુંઘાડી જોતા દેશી પીવાના દારૂની તીવ્ર વાસ આવતી હોય જેને કેમી. તપાસણી અર્થે કબજે કરી બાકીના બુંગીયા જેમના તેમ કોથળામાં ભરી દારૂ લી. આશરે ૧૦૦ ની કિંમત આશરે ૨૦૦૦ ગણી તથા મો.સા. ની કિમત આશરે ૨૦ હજાર ગણી કબજે કરેલ જે અંગેનું પંચનામું સાથેના પી. જી. વાળાએ કલાક ૧૨:૩૦ થી ૧૩:૩૦ સુધીનું કરેલ અને આરોપીને ધોરણસર અટક કરેલ અને આરોપી વિરૂધ્ધની ફરિયાદ પી. જી. વાળાના રૂબરૂની આપેલ. તેઓને ના. કોર્ટના રેકર્ડમાંથી અસલ ફરિયાદની ખરી નકલ બતાવવામાં આવતા જેમાં ફરિયાદી તરીકેની તેઓની સહી તેઓએ ઓળખી બતાવેલ છે જે આંક–૨૬ થી રજૂ છે. આ કામના આરોપીને તેઓ જોયેથી ઓળખે છે.

સદર ફરિયાદીએ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓની ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, તેઓની કામગીરી દરમ્યાન કેટલીક વાર બીનવારસી મુદ્દામાલ મળી આવતો હોય છે.

**<u>પંચ સાહેદનો પુરાવો :–</u>**

**(૧૨)** વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે પંચ સાહેદ–અરવિંદભાઇ બાલુભાઇ બામણીયાને આંક–૩૬ થી તથા બીજા પંચ સાહેદ–જીસાનભાઇ મહમદભાઇ પટણીને આંક–૩૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચ સાહેદો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૩૬(એ) થી રજૂ થયેલ સંબંધિત પંચનામામાં પંચતરીકે સહી ઓળખાવ્યાથી વિશેષ કોઇ પુરાવો આપેલ નથી. આમ, બનાવવાળી જગ્યાના પંચનામાને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી સદર પંચ સાહેદોને ફરિયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ તેઓની ઉલટ

તપાસ કરી સુચક સવાલો પુછેલ છે, પરંતુ આવી ઉલટ તપાસમાં તેઓશ્રી એવી કોઇ ફળદાયી વિગતો બહાર કઢાવવામાં સફળ નથી કે જે સંબંધિત પંચનામાને સમર્થન કરે. જેથી ફરિયાદ પક્ષ સ્વતંત્ર અને તટસ્થ પંચ સાહેદોની જુબાનીથી આંક–૩૬(એ) વાળા બનાવવાળી જગ્યાના પંચનામાની હકીકતો પુરવાર કરી શકેલ નથી.

**<u>પોલીસ સાહેદનો પુરાવો :–</u>**

**(૧૩)** વધુમાં,આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–રાહુલભાઇ ધીરૂભાઇ વાઢેર કે જેઓ પોલીસ સાહેદ છે. તેઓ તેમની આંક–૨૪ થી રજૂ થયેલ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા. ૦૨/૦૫/૨૦૧૯ ના રોજ તેઓ તથા પ્રવિણભાઈ કરશનભાઈ, રજનીભાઈ દેદાભાઈ વગેરે પોલીસ સ્ટાફ તથા પી. જી. વાળા સાથે પ્ર. પાટણ બી બીટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે આજોઠા ગામમાં ભુતડા દાદાના સ્થાનિક પાસે પહોંચતા ગોરખમઢી ગામ પાસેથી એક મો.સા. ડબલ સવારીમાં વચ્ચે ગુણીયાના બાચકા રાખી આવતી હોય જેને શંકાના આધારે રોકાવતા બાચકામાં દેશી દારૂના બુગીયા જોવા મળતા તરત જ બે પંચોને બોલાવી હકીકતની સમજ કરી પંચો રૂબરૂ નામ પુછતા (૧) રમેશભાઈ રૂડાભાઈ સોલંકી, રહે. ગોરખમઢી, તા. સુત્રાપાડા તથા (૨) ગની ઉર્ફે વજુ ઉર્ફે બિલ્લા ભગવાનભાઈ ખુંટડ, રહે. ગોરખમઢી, તા.સુત્રાપાડા અને તેઓની મો.સા. નં. જીજે–૧૧ એસી –૫૮૪૭ માં રાખેલ કોથળામાં ખોલી જોતા પાંચ પાંચ લીટરના એક સરખુ પ્રવાહી ભરેલા ૨૦ બુગીયા જોવા મળી આવેલ જેમાંથી એક ખોલીને સુંઘી સુંઘાડી જોતા દેશી પીવાના દારૂની તીવ્ર વાસ આવતી હોઈ જેને કેમી. તપાસણી અર્થે કબજે કરી બાકીના બુગીયા જેમના તેમ કોથળામાં ભરી દારૂ લિ. આશરે ૧૦૦ ની કિંમત આશરે ૨૦૦૦ ગણી તથા મો.સા.ની કિંમત આશરે ૨૦ હજાર ગણી કબજે કરેલ જે અંગેનું પંચનામું સાથેના પી.જી.વાળાએ કલાક ૧૨:૩૦ થી ૧૩:૩૦ સુધીનું કરેલ અને આરોપીને ધોરણસર અટક કરેલ અને આરોપી

વિરૂધ્ધની ફરિયાદ સાથેના રજનીભાઈએ પી. જી. વાળાના રૂબરૂની આપેલ આ કામગીરીમાં તેઓ સાથે હોય ત. ક. અમલદારે તેઓનું નિવેદન લીધેલ. આ કામના આરોપીને તેઓ જોયેથી ઓળખે છે.

સદર સાહેદે આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓના નિવેદનમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, તેઓની કામગીરી દરમ્યાન કેટલીક વાર બિનવારસી મુદ્દામાલ મળી આવતો હોય છે.

**<u>તપાસ કરનાર અમલદારનો પુરાવો :–</u>**

(૧૪) વધુમાં,આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–પ્રકાશભાઇ ગોવિંદભાઇ વાળા કે જેઓ તપાસ કરનાર અમલદાર છે. તેઓ તેમની આંક–૪૬ થી રજૂ થયેલ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગત તા. ૦૨/૦૫/ ૨૦૧૯ ના રોજ તેઓ તથા રજનીકુમાર, પ્રવિણભાઇ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન આરોપી રમેશભાઈ રૂડાભાઈ પોતાની મો.સા. જી જે ૧૧ એ સી ૫૮૪૭ મા ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર બાચકા નં–૨, દેશી પીવાનો દારૂ ૧૦૦ લીટર જેની કિંમત રૂા. ૨,૦૦૦/– કુલ મુદ્દામાલ રૂા. ૨૨ હજારનો કબ્જે કરેલ. આરોપી રમેશ સાથે આરોપી ગની ઉર્ફે વજુ દિલાભાઈ મળી આવતા તેઓએ તા. ૦૨/૦૫/૨૦૧૯ ના રોજ બે પંચો રૂબરૂ કલાક ૧૨:૩૦ થી ૧૩:૩૦ નું પંચનામું કરી પંચનામાની વિગતે આરોપી પાસેથી મુદ્દામાલ કબ્જે કરી ધોરણસર અટક કરેલ. તેઓને આંક–૩૬(એ) વાળું પંચનામું જે તેઓના રૂબરૂનું છે જેમાં નીચે તેઓની સહી છે જે ઓળખી બતાવેલ છે. આરોપી પાસેથી કબજે કરેલ મુદ્દામાલની નોંધ તેઓએ મુદ્દામાલ પાવતીમાં કરેલ. તેઓને આંક–૦૨ વાળી મુદ્દામાલ પાવતી બતાવવામાં આવતા જેમાં નીચે તેઓની સહી તથા હોદ્દો લખાયેલ છે. તેઓને આંક–૨૬ વાળી અસલ ફરિયાદ બતાવવામાં આવતા ફરિયાદ આ કામના આરોપી

વિરૂધ્ધ રજનીભાઈએ તેઓના રૂબરૂમાં લખાવેલ હોય તે જ છે જેમાં નીચે તેઓની સહી તથા હોદ્દો લખાયેલ છે જે ઓળખી બતાવેલ છે. આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો રજી. થવા માટે તેઓએ થાણાના પીએસઓને યાદી કરેલ. થાણાના પીએસઓએ પોલીસ સ્ટેશનના ગુના રજી. નં. થર્ડ ૫૬/૧૯ પ્રોહી કલમ–૬૫ઈ મુજબનો ગુનો રજી. કરી સદર ગુનાની તપાસ તેઓને સોંપતા સદર ગુનાની તપાસ તેઓએ સંભાળેલી. જે તપાસનો હુકમ આંક–૪૭ થી રજૂ કરેલ છે. કામના આરોપીઓની તા.૦૨/૦૫/૨૦૧૯ ના રોજ કલાક ૧૩:૩૦ વાગ્યે અટક કરી નામદાર કોર્ટમાં રજૂ કરેલ. તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપી પાસેથી કબ્જે કરેલ મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી એફએસએલ જૂનાગઢને રવાનગી પત્ર તા. ૦૩/૦૫/૨૦૧૯ ના રોજ પોલીસ સ્ટેશનના જાવક નંબર ૧૩૭૨/૧૯ રવાનગી કરેલ. જે અસલ રવાનગી પત્ર આંક–૪૮ થી રજૂ કરેલ છે. મુદ્દામાલ એફએસએલ અધિકારીને મળ્યા અંગેની પહોંચ અસલ જે આંક–૪૯ થી રજૂ કરેલ છે. એફએસએલ જૂનાગઢ તરફથી અસલ રીપોર્ટ આવી જતા જે અસલ રીપોર્ટ આંક–૫૦ થી રજૂ કરેલ છે. તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ પુરતી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પ્રોહી કલમ–૬૫ઈ મુજબની ચાર્જશીટ કરવા માટે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરેલ. આરોપીઓને જોયેથી ઓળખી શકે.

સદર સાહેદે આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આ કામના ફરિયાદી તેઓના પોલીસ કર્મચારી છે.

**<u>સમગ્ર પુરાવાનું મુલ્યાંકન :–</u>**

**(૧૫)** ઉપરોકત સમગ્ર વિગતે ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામે ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ–અરવિંદભાઈ બાલુભાઈ બામણીયાનાઓને આંક–૩૬ થી

તથા બીજા પંચ સાહેદ–જીસાનભાઇ મહમદભાઇ પટણીને આંક–૩૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદોએ પોલીસે એક તૈયાર પંચનામામાં તેઓની સહી લીધેલી. તે સિવાય પંચનામાની બીજી કોઇ હકીકત જાણતા નથી. ઉપરોકત પંચ સાહેદો એ આંક–૩૬(એ) વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેઓની હાજરીમાં રેડવાળી જગ્યાએથી મુદ્દામાલ કબજે કરી પંચનામું કરેલ હોય તેવી હકીકતને સમર્થન આપેલ નથી. જેથી પંચોની હાજરીમાં રેડવાળી જગ્યાએથી મુદ્દામાલ પ્રોહી દારૂ કબજે કરેલ હોવાની હકીકત સંબંધે શંકા ઉત્પન્ન થાય છે. વળી **<u>સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર માનીક પાટીલ (1980(2) MHLR 15)</u>**માં પ્રસ્થાપિત કરેલ છે કે,જયારે પંચ સાહેદ દ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં ફરિયાદીની જુબાની પર આધાર રાખી શકાય નહિ. વધુમાં **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧ (૨૬) જી.એચ.જે. ૦૧)</u>** માં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચ સાહેદો ફરિયાદ પક્ષે ફરી ગયેલ સાહેદ તરકે જાહેર થાય ત્યારે ફરિયાદના પુરાવા પર આધાર રાખવો તે સલામતી ભર્યુ ગણાય નહીં વધુમાં, **<u>માનસીંગ મુળુભાઇ કાઠી દરબાર વિ. સ્ટેટસ ગુજરાત (૨૦૧૨ જે. એકસ. (ગુજ) ૨૩૮)</u>** માં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઇ પંચ સાહેદો ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ સીલ કરેલાને શંકા ઉપજાવતો હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો અંગે વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય. આમ, આંક–૩૬(એ) વાળા પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી.

**(૧૬)** વધુમાં, આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૨૫ થી ફરિયાદી–રજનીભાઇ દેદાભાઇ મોરી, આંક–૨૪ થી સાહેદ–રાહુલભાઇ ધીરૂભાઇ વાઢેર તથા આંક–૪૬ થી સાહેદ–ત.ક.અ. પ્રકાશભાઇ

ગોવિંદભાઈ વાળાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહું તમામ સાહેદો પોલીસ સાહેદો છે. સદર સાહેદોએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ છે, પરંતુ પોલીસ દ્વારા આવા પ્રકારના ગુનાઓ પકડવા માટે ડ્રાઈવ યોજવામાં આવતી હોય ત્યારે તેવા સંજોગોમાં પોલીસ સાહેદો એ સ્વતંત્ર સાહેદો ગણી શકાય નહીં. વધુમાં ફરિયાદીના પુરાવાને જ્યાં સુધી તટસ્થ સાહેદોના પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી તેના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં અને આ કામે તપાસેલ પંચ સાહેદ તટસ્થ સાહેદ છે તેમ છતાં તેઓએ આરોપીની માલિકીની જગ્યામાંથી કોઇ પ્રોહી મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જે હકીકત ધ્યાને લેતા પણ ફરિયાદી ના પુરાવાને જ્યાં સુધી તટસ્થ સાહેદોના પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી તેના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં.

(૧૭) ઉપરોકત સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી. વધુમાં ફરિયાદીની ફરિયાદ જોતા તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલ નથી. જો ઝડતી કરતા અગાઉ પંચોને બોલાવેલ હોત તો તે હકીકત ફરિયાદમાં જણાવેલ હોત, પરંતુ આવી કોઈ હકીકત ફરિયાદમાં જણાવેલ નથી અને નહી જણાવાં સંબંધે કોઇ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ઝડતીવાળી જગ્યા જાહેર વિસ્તારમાં આવેલ હોય તેમજ સતત માણસોની સતત અવરજવર વાળો વિસ્તાર હોવા છતાં કોઈ આજુબાજુમાંથી કોઇ સ્વતંત્ર સાહેદો ના નિવેદનો હાલના કામે લેવામાં આવેલ નથી તેમજ રેડવાળી જગ્યાની ફોટોગ્રાફી કે વીડીયોગ્રાફી હાલના કામે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં ઉપરોકત ચર્ચા મુજબ પંચોની હાજરીમાં આરોપીની માલિકીની બાઇકમાંથી મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકત સંબંધે શંકા ઉત્પન્ન થાય છે. તેમજ સદર કામે

પ્રમાણિત ટેસ્ટિંગ લેબોરેટરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહીં, તે અંગેનો કોઇ એફ.એસ.એલ. રીપોર્ટ ફરિયાદ પક્ષ દ્વારા અત્રેની અદાલતમાં રજૂ કરવામાં આવેલ છે, પરંતુ સદર એફ. એસ. એલ. રીપોર્ટ પુરવાર કરવામાં આવેલ નથી જેથી પકડાયેલ પ્રવાહી નશાકારક હતું કે કેમ તે બાબતે શંકા ઉત્પન્ન થાય છે તેમજ સદર પ્રોહી મુદામાલ હાલના કામના આરોપીએ અન્ય આરોપીઓને પુરો પાડેલ હોવાની હકીકત પણ ઉપરોકત પુરાવો જોતા સાબીત થઇ શકેલ નથી.

(૧૮) આમ, હાલના કામે કેસની હકીકત જોવામાં આવે તો ફરિયાદપક્ષે પોતાનો કેસ યોગ્ય રીતે સાબિત કરવા માટે ગુનાવાળી જગ્યાની આજુબાજુમાંથી ઘણા સ્વતંત્ર વ્યક્તિઓને સાહેદ તરીકે તપાસના કામે તપાસી શકયા હોત અને તેમ કરવાથી ફરિયાદપક્ષ પોતાનો કેસ સારી રીતે સાબિત કરી શક્યા હોત, પરંતુ હાલના કામે તેવું કંઇજ કરવામાં આવેલ નથી. જે શંકાને સ્થાન આપે છે. તેમજ પકડાયેલ પ્રવાહી નશાકારક જ હતું કે કેમ તે બાબતનો કોઇ એફ.એસ.એલ. પૃથ્થકરણ રીપોર્ટ ફરિયાદપક્ષ દ્વારા હાલના કામે રજૂ કરવામાં આવલ છે, પરંતુ પુરવાર થયેલ નથી. વધુમાં સદર કામે ફરિયાદ પક્ષ દ્વારા રેડવાળી જગ્યાની ફોટોગ્રાફી કે વીડીયોગ્રાફી રજૂ રાખેલ નથી. આમ, સદર કામે કેસનું રેકર્ડ, સાહેદોના નિવેદનો તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા આરોપીઓ વિરૂધ્ધ જે ગુના અંગેનો આક્ષેપ મુકવામાં આવેલ છે તેને ફરિયાદ પક્ષ વાજબી શંકાથી પર અને રિલાયેબલ, વિશ્વાસ પ્રેરક, કોજન્ટ પુરાવો રજુ કરી પુરવાર કરેલ નથી. નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા તેના શ્રેણીબદ્ધ ચુકાદાઓમાં ઠરાવેલ છે કે, ફોજદારી ન્યાય શાસ્ત્રનો એ સિદ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિશંકપણે સાબિત કરવાનો હોય છે. વધુમાં ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૧૦૧ વંચાણે લેતા ફરિયાદ પક્ષનો કેસ સાબીત કરવાનો બોજો ફરિયાદ પક્ષના શિરે રહેલ છે.

આમ, ઉપરોકત તમામ પુરાવા ફરિયાદ પક્ષના કેસને નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું મારૂ માનવું છે તથા ક્રિમિનલ જયુરીસ્ટુડન્સના સિદ્ધાંત મુજબ આરોપીને મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા આરોપી હકકદાર બનતા હોવાનું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

**(૧૯)** આમ,ઉપરોકત હકીકતોએ ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો બનાવમાં આ કામના આરોપીઓએ કહેવાતો ગુન્હો કરેલ હોય તેવો કોઈ ચોકકસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં હાલના આરોપીઓની આ ગુન્હામાં સંડોવણી હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવતું ન હોય અને એ રીતે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર થતો ન હોય રજૂ થયેલ પુરાવો ફરિયાદ પક્ષને મદદકર્તા થઈ શકે તેમ નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામના આરોપીઓ વિરૂઘ્ધ પ્રોહીબીશન એકટની કલમ-૬૫એ, ૯૮(૨), ૯૯, ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ હોવાનું ફરિયાદ પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનું છું.

**(૨૦)** આમ, ઉપરોકત તમામ પુરાવા ફરિયાદ પક્ષના કેસને નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું મારૂ માનવું છે અને ઉપરોકત વિગતે ફરિયાદપક્ષ આરોપીઓ સામેના આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો સાબિત કરી શકેલ ન હોય આરોપીઓને આક્ષેપિત ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય આ સંજોગોમાં મુદ્દા નં. ૧ નો નિર્ણય "નકારમાં" ઠરાવી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

(૧) આ કામના આરોપી નં. (૧) રમેશભાઇ રૂડાભાઈ સોલંકી, રહે. ગોરખમઢી, તા. સુત્રાપાડા, જી. ગીર-સોમનાથ તથા

નં. (૨) ગની ઉર્ફે વજુભાઇ બીલા ઉર્ફે ભગવાનભાઇ ખુંટડ, રહે. ગોરખમઢી, તા. સુત્રાપાડા, જી. ગીર–સોમનાથ વાળાને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) હેઠળ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ઇ, ૯૮(૨), ૯૯, ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તે સિવાય મુદ્દામાલ વાહન મોટર સાયકલ અંગે જો કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અન્યથા મુદ્દામાલ મોટર સાયકલની માલિકી અંગેની ખરાઇ કરી તેના માલિકને સુપ્રત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓના જાત મુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ પ્રત્યેક આરોપીએ રૂા. ૫૦૦૦/– ના આગામી છ મહિનાના સમય માટેના નવા જામીન તથા જાત મુચરકા રજૂ કરવા.

હુકમ આજ તા. ૧૬મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વેરાવળ
તારીખ : ૧૬/૦૭/૨૦૨૬

**(અંજુ વિજયસિંહ ચૌધરી)**
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
વેરાવળ
**(કોડ નં. જીજે૦૧૨૫૦)**